## સંક્ષિપ્ત સમાચાર

### અવાખલ ગામે વસાવા સમાજનો 17મો સમૂહ લગ્નોત્સવ સંપન્ન



શિનોર : શિનોર તાલુકાના અવાખલ ગામ ખાતે આવેલ શ્રેયસ વિદ્યાલયના મેદાનમાં વસાવા સમાજનો 17મો સમૂહ લગ્નોત્સવ ઉત્સાહભેર અને ધામધૂમથી યોજાયો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં કુલ 21 યુગલોએ વૈદિક વિધિ અનુસાર પ્રભુતામાં પગલાં પાડી પોતાના નવા દામ્પત્ય જીવનની શુભ શરૂઆત કરી હતી. આ પ્રસંગે રાજકીય નેતાઓ. વસાવા સમાજના આગેવાનો, મહેમાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને નવદંપતિઓને આશીર્વાદ પાઠવ્યા હતા. સમૂહ લગ્નોત્સવ દ્વારા સમાજમાં સાદગીપૂર્ણ લગ્ન પ્રથાને પ્રોત્સાહન મળ્યું હોવાનું સમાજના આગેવાનોએ જણાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમ આનંદમય તથા ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

### શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં દીક્ષાંત અને તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ સંપન્ન



ગોધરા : શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી વિંઝોલ-ગોધરાના અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા સેમેસ્ટર-૪ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ તેમજ તેજસ્વી તારલાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. હરિભાઈ કાતરીયાના માર્ગદર્શન અને અધ્યક્ષપણા હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે કુલપતિએ આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે, દીક્ષાંત સમારોહ એ શૈક્ષણિક જીવનનો અંત નથી પરંતુ નવા શૈક્ષણિક સોપાનની શરૂઆત છે. શિક્ષણના ક્ષેત્રમાં હંમેશા નવી તકો અને નવી શરૂઆત રહેલી હોય છે.

### હાલોલ રેલવે સ્ટેશન રોડ ઉપર રામદેવજી મહારાજના મંદિરમાં પાટોત્સવની ઉજવણી



હાલોલ : હાલોલ રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલા રામદેવજી મહારાજના મંદિર નો અલખધણી વિષ્ણુ અવતારી સિદ્ધ રામદેવજી ભગવાન ની અસીમ કૃપાથી ૧૪ માં પાટોત્સવ ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરાઈ. પીર શ્રી બાળકદાસજી રઘનાથપીર ધૂણી આશ્રમ ઢાપોળ ની પ્રેરક ઉપસ્થિતિમાં ભક્તિસભર વાતાવરણમાં કરવામાં આવી હતી.સમસ્ત મારવાડી સમાજ દ્વારા સ્ટેશન રોડ વિસ્તાર તેમજ મંદિર પરિષદની રંગ બે રંગી રોશનીથી શણગારવામાં આવ્યું હતુ.પાટોત્સવ ને લઈ મંદિર ખાતે ભજન સત્સંગ તથા હોમાત્મક યજ્ઞનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.જ્યારે રામદેવજી મહારાજના મંદિર ખાતે ૧૪ માં પાટોત્સવની ઉજવણી દરમિયાન બે દિવસિય ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

### ફતેપુરા તાલુકાની આંગણવાડી બહેનોની જોબ તાલીમનો સમાપન સમારોહ યોજાયો



સુખસર : જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રી ઈરાબેન ચૌહાણના અધ્યક્ષ સ્થાને આંગણવાડી બેહનો ની જોબ તાલીમ સમાપન સમારોહ ફતેપુરા તાલુકાની વાંગડ મોડલ સ્કૂલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રી એ જણાવ્યું કે,આંગણવાડી કાર્યકર અને તેડાઘર બહેનોને શ્રેષ્ઠ કામગીરી બદલે જિલ્લા અને તાલુકા સન્માનિત કરવામાં આવશે, જેથી અન્ય કાર્યકર્તા પણ પોતાના આંગણવાડી કેન્દ્રના બાળકોને તંદુરસ્ત કરવા માટે પ્રોત્સાહિત બનશે. જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સુ શ્રી ઈરાબેન ચૌહાણ એ જમશે દાહોદ, ભણશે દાહોદ, રમશે દાહોદ અંતર્ગત પૂર્વ પ્રાથમિક શિક્ષણના દૈનિક અભ્યાસક્રમની થીમ મુજબના વીડિયો દાહોદ જિલ્લાની આંગણવાડી કાર્યકર દ્વારા બનાવામાં આવે અને તેનો સોશિયલ મીડિયા પર પ્રચાર પ્રસાર કરવામાં આવે તેવી સૂચના આપવામાં આવી હતી.

**ગરબાડા તાલુકામાં લોકશાહી મૂલ્યોને કલંકિત કરતો એક ગંભીર બનાવ**

# સત્તાના નશામાં ચૂર શિક્ષણ સમિતિના ચેરમેન કમલેશ માવી સામે ગુનો દાખલ

મહિલા સભ્યના પતિને ફોન પર ગાળો અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ



(પ્રતિનિધિ) દાહોદ, તા.8 દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં લોકશાહી મૂલ્યોને કલંકિત કરતો એક ગંભીર બનાવ પ્રકાશમાં આવ્યો છે. જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન કમલેશ માવી સામે મહિલા તાલુકા પંચાયત સભ્યના પતિને ફોન પર ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ થતાં ગરબાડા પોલીસ મથકે ગુનો નોંધાયો છે. મળતી માહિતી મુજબ ઝરી બુઝર્ગ-2 બેઠકની મહિલા તાલુકા પંચાયત સભ્ય લસાબેન ગણાવાના પતિ પરેશ ગણાવાએ ગામના વિકાસ કામોમાં 20 ટકા ફાળવણી અંગે રજૂઆત કરી હતી. આ બાબતે તા. 6 માર્ચે રાત્રે આશરે 8 વાગ્યે ચેરમેન કમલેશ માવીએ પરેશ ગણાવાને ફોન કર્યો હતો. ફરિયાદ મુજબ સામાન્ય રજૂઆત સાંભળતા જ ચેરમેન ઉશ્કેરાઈ ગયા હતા અને ફોન પર ગાળો આપી ધમકીભર્યું વર્તન કર્યું હતું. આ દરમિયાન તેમણે મહિલા સભ્ય અંગે પણ અતિ અશોભનીય અને અપમાનજનક ટિપ્પણી કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ ઉપરાંત આરોપી કમલેશ માવી સાથે બાબુ નરસિંગ સોયડા નામના વ્યક્તિએ પણ ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવની જાણ થતાં ઝરી બુઝર્ગ ગામમાં ભારે રોષ ફેલાયો હતો. ગામના આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ફરિયાદી પરેશ ગણાવાના સમર્થનમાં ગરબાડા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ગરબાડા પોલીસે આ મામલે કમલેશ માવી અને બાબુ નરસિંગ સોયડા સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNS) ની કલમ 352, 351(1), 351(3) અને 54 હેઠળ ગુનો નોંધ્યો છે. આ કેસની તપાસ હેડ કોન્સ્ટેબલ અરવિંદ રાવતને સોંપવામાં આવી છે.

**નસવાડીમાં તસ્કરોનો તરખાટ**

# બે દિવસમાં ચાર જેટલી બાઈકોની ઉઠાંતરીથી ફફડાટ

(પ્રતિનિધિ) નસવાડી, તા.8 નસવાડી માં તસ્કરો નો સપાટો બે દિવસ માં 4 મોટરસાઇકલ તસ્કરો ઉઠાવી જતા પોલીસ ને ફેંક્યો પટકાર. જ્યારે બગલિયા ગ્રામ પંચાયત ના સરપંચ ભાજપ ના નેતા છે તેઓની તેમજ ગ્રામ પંચાયત માં વાયરમેન તરીકે ફરજ બજાવતા નાના કર્મચારી ની તસ્કરો મોટરસાઇકલ ઉઠાવી ગયા હોવાનુ જાણવા મળે છે. નસવાડી ટાઉન માં તસ્કરો છેલ્લા બે દિવસ થી પોલીસ ને પટકાર આપી રહ્યા હોય તે રીતના નસવાડી પોલીસ સ્ટેશન ના કમ્પાઉન્ડ ની બાજુમાં નસવાડી જૂથ ગ્રામપંચાયત માં લાઇનમેન તરીકે ફરજ બજાવતા તડવી ચંપકભાઈ ની મોટરસાઇકલ આંગણામાં મૂકેલી હતી તે પોલીસ સ્ટેશન ની સામેથી જ મોટરસાઇકલ તસ્કરો ઉઠાવી ગયા જ્યારે બગલિયા જૂથ ગ્રામપંચાયત ના સરપંચ અરવિંદભાઈ ડુંગરાભીલ નસવાડી ના વાલપુરા વિસ્તાર માં પોતાના ઘર ના આંગણામાં મોટરસાઇકલ પાર્ક કરી હતી તે મોટરસાઇકલ ચોરાઈ ગઈ છે જ્યારે નસવાડી એસ બી સોલંકી વિદ્યામંદિર ની સામે સરકારી ક્વાટર્સ રહેતા દવાખાના ના કર્મચારી અંકુરભાઈ તડવી ની મોટરસાઇકલ પણ ચોરાઈ ગઈ જ્યારે નસવાડી ના તણખલા રોડ વિસ્તાર માં થી પણ એક મોટરસાઇકલ ચોરાઈ ગઈ હતી જ્યારે નસવાડી ના અલગ અલગ વિસ્તારો માં રહેતા અન્ય લોકો ની પણ મોટરસાઇકલ ચોરાતા ચાર જેટલી બાઈકો બે દિવસ માં ચોરાઈ જતા હાલ તો લોકો માં ફફળાટ વ્યાપી ગયો છે નસવાડી પોલીસ પેટ્રોલિંગ કરે છે તો પણ તસ્કરો પોલીસ ને ગાંઠતા નથી અને બાઇકો ચોરી જતા આ બાઈકો મધ્યપ્રદેશ તરફ તસ્કરો લઈને જતા રહે છે અને ચોરાયેલી મોટરસાઇકલ મળતી નથી.

**ગોધરાના પઢીયારમાં સરપંચની મનમાની ?**

# ‘નળ સે જલ’ યોજનામાં વર્ષોથી રોડા નાખતા લોકો તરસ્યા જ રહી ગયા!

**પાણી** પુરવઠાના ડઝનબંધ પત્રો છતાં સરપંચે ઠરાવ ન આપ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા.8 પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પઢીયાર ગામે સરપંચની મનમાની અને અહંકારને કારણે આખું ગામ તરસ્યું રહે તેવી નોબત આવી છે. સરકારની મહત્વાકાંક્ષી ‘નળ સે જળ’ યોજના હેઠળ પઢીયાર ગામમાં પીવાના પાણી માટે મંજૂર થયેલા કામોને સરપંચ દ્વારા જાણીજોઈને અટકાવી રાખવામાં આવતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સત્તાનો ખુલ્લેઆમ દુરુપયોગ કરી જાહેર લોકહિતના કામમાં અવરોધ ઊભો કરવા બદલ સરપંચ સામે ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૫૭ હેઠળ કડક કાર્યવાહી કરી તેમને તાત્કાલિક પદ પરથી હટાવવાની ઉગ્ર માંગ ઉઠી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પઢીયાર ગામે પાણી પુરવઠા વિભાગ દ્વારા ૦.૯૦ લાખ લિટરનો ભૂગર્ભ સંપ અને ૦.૭૦ લાખ લિટરની ઊંચી ટાંકી બનાવવાનું મંજૂર કરવામાં આવ્યું છે. આ માળખું ઊભું કરવા માટે ગ્રામ પંચાયતે જમીન ફાળવણીનો ઠરાવ આપવાનો હોય છે. પરંતુ, એપ્રિલ ૨૦૨૪થી લઈને માર્ચ ૨૦૨૬ સુધી પાણી પુરવઠા વિભાગ દ્વારા ડઝનબંધ લેખિત પત્રો અને સ્મૃતિપત્રો પાઠવવામાં આવ્યા હોવા છતાં સરપંચ દ્વારા કોઈ જ ઠરાવ આપવામાં આવ્યો નથી. આશ્ચર્યની વાત તો એ છે કે સરકારી દસ્તાવેજોમાં પઢીયાર પંચાયત દ્વારા આ કામગીરી ન કરવા માટે મૌખિક ઈનકાર કરી દેવાયો હોવાનો પણ ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. જ્યારે જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૬માં સરકારી અધિકારીઓ અને ઈજનેરો સ્થળ મુલાકાતે ગયા ત્યારે પણ સરપંચે અંગત કામનું બહાનું ધરીને જગ્યા બતાવવાની ના પાડી દીધી હતી અને આખરે ગામના જાગૃત નાગરિકે અધિકારીઓને જગ્યા બતાવી હતી. જો એજન્સીની સમયમર્યાદા પૂર્ણ થઈ જશે તો સરકારની ગ્રાન્ટ લેપ્સ થશે અને યોજના રદ થવાનો ભય છે.

### જેતપુરપાવીના ઈટવાડા વિસ્તારમાં પરંપરાગત પાંચમનો મેળો ભરાતા લોકટોળા ઉમટી પડ્યા



**જેતપુરપાવી :** દર વર્ષની જેમ આ વર્ષે પણ હોળીના પાવન પર્વ નિમિત્તે જેતપુરપાવીના ઈટવાડા વિસ્તારમાં પરંપરાગત પાંચમનો મેળો ભરાયો હતો. મેળાને નિહાળવા જેતપુરપાવી નગર તેમજ આસપાસના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. હોળી બાદ આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત રીતે વિવિધ સ્થળોએ મેળાઓનું આયોજન કરવામાં આવે છે. જેમાંથી જેતપુરપાવીના ઈટવાડા વિસ્તારમાં ભરાતો પાંચમનો મેળો આદિવાસી સંસ્કૃતિની ઝલક રજૂ કરતો મહત્વનો મેળો માનવામાં આવે છે.

**લાખો રૂપિયાનો ટાંકો બન્યો, બે વર્ષથી પાણી પુરવઠો શરૂ નહીં**

# હરખપુર ગામે ‘નલ સે જલ’ યોજના કાગળ પર જ! ગ્રામજનોને એક ટીપું પાણી નહીં



(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.8 છોટાઉદેપુર જિલ્લાના જેતપુરપાવી તાલુકાના હરખપુર ગામે ‘નલ સે જલ’ યોજના તંત્રની બેદરકારીના કારણે નિષ્ફળ સાબિત થઈ રહી હોવાનું ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે. ગામમાં લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલી આ યોજના હાલ માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ હોવાનું સામે આવ્યું છે.

માહિતી મુજબ લગભગ બે વર્ષ પહેલા ગામમાં પાણીનો ટાંકો બનાવવામાં આવ્યો હતો અને ગામમાં અનેક સ્થળોએ નળ લગાવવામાં આવ્યા હતા. જોકે માત્ર એક વખત ટેસ્ટિંગ કર્યા બાદ આજદિન સુધી ગામમાં નિયમિત પાણી પુરવઠો શરૂ કરવામાં આવ્યો નથી.

આ દરમિયાન ગામમાં લગાવવામાં આવેલા ઘણા નળ તૂટી ગયેલી હાલતમાં પડ્યા છે અને તેની કોઈ જાળવણી પણ કરવામાં આવી નથી. જેના કારણે ગ્રામજનોને રોજિંદા પાણી માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ લાખો રૂપિયાની યોજના હોવા છતાં ગામના લોકોને એક ટીપું પાણી પણ મળતું નથી. જવાબદાર અધિકારીઓ સામે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.હવે પ્રશ્ન એ ઊભો થયો છે કે આ યોજના માટે ખર્ચાયેલા લાખો રૂપિયાનો હિસાબ કોણ આપશે અને જવાબદાર અધિકારીઓ સામે તંત્ર કોઈ કાર્યવાહી કરશે કે નહીં.

# બોડેલી પોલીસે રૂ.10.56 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી



(પ્રતિનિધિ) બોડેલી, તા.8 બોડેલી પોલીસે ભારતીય બનાવટનો વિદેશી દારૂનો કુલ કિં.રૂ.૧૦,૫૬,૫૬૦/- નો મુદ્દામાલ ઝડપી પાડ્યો. જેમાં વધુ વિગત પ્રમાણે જોઈએ તો બોડેલી ના વિ.એસ.ગાવિત પોલીસ ઈન્સ્ટક્ટર બોડેલી પોલીસ સ્ટેશન નાઓએ સ્ટાફના પોલીસ માણસોને ઉપરોક્ત કામગીરી કરવા સુચના આપેલ જે આધારે સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસો તાંદલજા બીટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે સંખાંદ્રા ગામની સીમમાં આવેલ તળાવ પાસે છોટાનગર તરફ જવાના રોડ ઉપરથી એક સફેદ કલરની મહીન્દ્રા કંપનીની XUV-700 ગાડી રજીસ્ટર નંબર GJ-06-PJ-4643 માથી (૧) KINGFISHER EXTRA STRONG PREMIUM BEER 500| ml” ની છુટી ટીન બીયર બોટલ નંગ ૫૨૮ તથા (૨) ROYAL STAG SUPERIOR Whisky 180 ML ની બોટલ નંગ-૪૩૨ મળી કુલ બોટલ નંગ-૯૬૦ જેની કુલ કિમત રૂ.૨,૫૬,૫૬૦/- નો પ્રોહી મુદ્દામાલ તથા વિદેશી દારૂની હેરાફેરી કરવામાં ઉપયોગમાં લીધેલ મહીન્દ્રા કંપનીની XUV-700 ગાડી રજીસ્ટર નંબર GJ- 06-PJ-4643 જેની કિ.રૂ,૮,૦૦,૦૦૦/- ગણી કુલ કિંમત રૂ.૧૦,૫૬,૫૬૦/- નો મુદ્દામાલ પકડી નાશી ગયેલ ગાડીના ચાલાક વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરેલ છે.

**નસવાડીના કુકરદામાં એસટી બસની સુવિધાનો અભાવ**

# રોજિંદા પરિવહન માટે લોકો જીવના જોખમે ખાનગી વાહનોમાં મુસાફરી કરવા મજબૂર

નજીકના સમયમાં યોગ્ય રૂટ પર એસટી બસોની ફાળવણી નહિ કરાય તો સ્થાનીકોએ ચૂંટણી બહિષ્કારની ચિમકી ઉચ્ચારી



(પ્રતિનિધિ) નસવાડી, તા.2 નસવાડી તાલુકા ના કુકરદા તેમજ આસપાસ ના 70 ગામોના લોકો સૌરાષ્ટ્ર મજૂરી કામે જાય છે જ્યારે આ તમામ લોકોને ખાનગી લકઝરી ના સહારે 400 કિલોમીટર મુસાફરી કરવી પડે છે ખાનગી લકઝરી બસ ના સંચાલકો સ્થાનિક સરપંચ ના આક્ષેપ મુજબ એક સોફા માં 4 વ્યક્તિઓને બેસાડવાની જગ્યાએ 12 થી 14 લોકો ને ઠાંસી ઠાંસી ને બેસાડે છે જ્યારે ભાડું પણ વધારે લેવામાં આવે છે જ્યારે આકસ્મિત કોઈ ઘટના બની જાય તો 30 થી 40 કિલોમીટર દૂર હજાર રૂપિયા ભાડું ખર્ચીને જવું પડે છે એસટી બસો મળતી નથી જેને લઈને 15 જેટલા ગ્રામ પંચાયતો ના સરપંચો એ એસટી વિભાગ વડોદરા બોડેલી છોટાઉદેપુર અને ધારાસભ્ય અને મુખ્યમંત્રી ને પત્ર લખ્યો હોવા છતાંય એસટી વિભાગે એસટી બસ ફાળવી નહીં જેને લઈને આસપાસ ના ગામોના લોકો તંત્ર ને જગાડવા માટે કુકરદા ખાતે ભેગા થઈને સુત્રોચારો કર્યા હતા અને તંત્ર ને જગાડવાનો પ્રયાસ કર્યો છે જ્યારે સ્થાનિક લોકો એ આક્ષેપ કર્યો છે કે સૌરાષ્ટ્ર મજૂરી કામે જતા લોકો ને બસ ની સુવિધા સરકાર નહીં આપે તો આગામી દિવસો માં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ની ચૂંટણીઓ માં મતદાન બહિષ્કાર કરીશું સરકાર છેવાડા ના માનવી ની રજૂઆત સાંભળતી નથી લોકો ને ખાનગી વાહનો ના સહારે મુસાફરી કરવી પડે છે અને જીવ નું જોખમ પણ ઊભું થાય છે અમુક વાર જીપો માં જગ્યા ના હોવાથી ઝગડા પણ થાય છે ત્યારે તંત્ર એ આદિવાસી વિસ્તાર ના 70 જેટલા ગામોને સૌરાષ્ટ્ર ની સીધી બસ ની સુવિધાઓ આપવી જોઈએ તેવી લોકમાંગ પ્રબળ બની છે.

### છોટાઉદેપુરમાં મહિલા દિવસ નિમિત્તે “1008 નારી શક્તિ સંકલ્પ અભિયાન” યોજાયું

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.8 છોટાઉદેપુર જિલ્લામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે તા. 8 માર્ચે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા “1008 નારી શક્તિ સંકલ્પ અભિયાન” યોજાયું. આ અભિયાનનો હેતુ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાનો ગૌરવ વધારવો તેમજ મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો રહ્યો હતો.

અભિયાન અંતર્ગત જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી 1008 મહિલાઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સંબોધિત કરીને પોતાના ભાવ વ્યક્ત કરતા પત્રો લખ્યા. આ પત્રોમાં મહિલાઓએ મહિલા સશક્તિકરણ, આદિવાસી સમાજના વિકાસ માટે પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતા તેમજ રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાયેલા કલ્યાણકારી કાર્યક્રમો માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી.

આ પત્રો ગેર મેળાના અવસરે જિલ્લા વહીવટીતંત્ર છોટાઉદેપુર અને India Postના સહયોગથી પ્રકાશિત થયેલ વિશેષ ટપાલ આવરણ અને ટપાલ ટિકિટ દ્વારા મોકલવામાં આવશે. આ વિશેષ આવરણ છોટાઉદેપુરની આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાનું પ્રતિક છે.

જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને જણાવ્યું હતું કે મહિલા સશક્તિકરણ માટે જિલ્લા વહીવટીતંત્ર સતત પ્રયત્નશીલ છે અને આદિવાસી વિસ્તારોમાં મહિલાઓના વિકાસ તથા તેમની ભાગીદારી વધારવા માટે વિવિધ પહેલો હાથ ધરવામાં આવી રહી છે.